ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ સે

સંબંધમાં
સમજશક્તિ,
સહશક્તિ
અને પ્રેમનું રોકાણ
હંમેશાં
અણધાર્યો નફો જ આપે છે

## જન્મદિને વધામણી



પુષ્પાબેન મનહરસિંહ
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



સંજય જે શાહ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# આપણું ફાઉન્ડેશન દ્વારા 'સમર ફન ડે'







ગાંધીનગર, તા. ૨૫
શહેરની ૩૨ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આપણું ફાઉન્ડેશન દ્વારા સમર ફન ડેનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. આજના યુગમાં ભુલાઈ ગયેલી વારસાગત રમતો એવી ટગ ઓફ વોર એટલે કે રસ્સાખેંચ અને સંગીત ખુરશી જેવી રમતોનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ માટે ધોરણ ૫ થી ધોરણ ૮માં અભ્યાસ કરતા તેમજ શાળામાં સૌથી વધુ હાજરી ધરાવતા અને અભ્યાસમાં અગ્રેસર હોય તેવાં ૨૦૦ જેટલા બાળકોની પસંદગી કરવામાં આવી હતી. વિજેતાઓને સાઈકલ, સ્કુલ બેગ, જેવા ઈનામો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

રસ્સાખેંચમાં જીઈબી સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થી દશરથ જીવનભાઈ ઠાકોર, પાલજ સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થી નિકિતા ભલાજી ઠાકોર તથા સંગીત ખુરશીમાં નંદનવન આશ્રમ શાળા, સેક્ટર-૧૩ના વિદ્યાર્થી સુમિત પાલજીભાઈ વાઘેલા અને સેક્ટર-૧૩/૧ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થી મિત્તલ કાળુભાઈ રાઠોડ અનુક્રમે વિજયી બન્યા હતા.

ઉપરાંત કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પાણીની બોટલ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં બધા જ વિદ્યાર્થીઓ માટે નાસ્તો તથા આઈસક્રીમ જેવી વિવિધ સુવિધા રાખવામાં આવી હતી. આ કાયયક્રમમાં ન્યુ અરીહંત મેન્સવેર (પેથાપુર), યમ્મી ટ્રીટ આઈસ ક્રીમ (રિલાયન્સ ચાર રસ્તા), નીઓ પોલીટન પિઝા (ઈન્ફોસિટી) દ્વારા બાળકોને ભેટ પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને આશીર્વચન આપવા બ્રહ્માકુમારી કૈલાશ દીદી, જનક ઠક્કર (ફિલ્મ એકટર), ડૉ. ડી. એન. બારોટ (ADHO-ખેડા), પોલીસ ઈન્સપેક્ટર પી. સી. વાલેરા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અશોકભાઈ રાવલ નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર અને વિદ્યા લાયબ્રેરીના પ્રદીપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માટે ગાંધીનગર મહાનગરપાલિકા, બ્લૅક પોઝીશન, ડિઝાઈન પોઈન્ટ, ડીજે અભિ, દર્શિલ આહિર અને વૃંદાવન સ્વીટનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

## વાર્તાયનમાં દલપત ચૌહાણ અને વર્ષા સોલંકીનું વાર્તાપઠન



ગાંધીનગર, તા. ૨૫
ગુજરાતી વાર્તામાસિક "મમતા" અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગુજરાતી ભાષાના વાર્તાકારોને વાર્તાપ્રસ્તુતિ માટે મંચ આપવાના હેતુથી આરંભાયેલ અને નવા સર્જકોને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી શરું કરવામાં આવેલ " વાર્તાયન "પર્વ – ૬ની બેઠક તા. ૨૪, જુન, ને રવિવારે શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે સૌ સર્જકો તથા ભાવકોને આવકારીને આ વાર્તાયન આયોજન અંગે તથા બન્ને વાર્તાકારોનો પરિચય આપ્યો હતો, આરંભે પંજાબી ભાષાની અમૃતા પ્રીતમ લિખિત પ્રસિદ્ધ ટૂંકીવાર્તા "વાસ" નું વાંચન શ્રી રોહિણી પરમારે કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં જાણીતા વાર્તાકાર શ્રી દલપત ચૌહાણે પોતાની મૌલિક વાર્તા "વિઝિટીંગ કાર્ડ" અને શ્રી વર્ષા સોલંકીએ પોતાની "પીળો પતંગ" વાર્તા વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા - સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં " વિઝિટીંગ કાડ" વાર્તાની કથાની રચનારીતિ, ભાષા અને સીધા કથન જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા થઇ હતી અને દલિત ચેતનાની સંયમિત શ્રેષ્ઠ વાર્તારૂપે સૌએ સ્વીકારી હતી અને બીજી વાર્તા "પીળો પતંગ" વિષય અને આધુનિકતાની રીતે સૌએ ચર્ચા કરી હતી. તથા હિંદુ - મુસ્લિમ પ્રેમકથારૂપે રજુ થયેલી નવી કલમ લેખે આ વાર્તામાં થોડા સુચનો અને સૌના વિચારો રજુ થયા હતા. બધાની ચર્ચાને અંતે શ્રી ઉત્સવ પરમારે ત્રણેય વાર્તાઓની ઉંડાણપૂર્વક સમીક્ષા કરીને પોતાનો અભિપ્રાય રજુ કર્યો હતો. તથા વાર્તાકલા અને ગૂંથણી વિશે થોડી વાત કરી હતી.

આ બેઠકમાં મમતાના તંત્રીશ્રી એ.વી.ઠાકર, મનોજ શુકલ, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, , કિશોર જિકાદરા, ધર્મેન્દ્ર ત્રિવેદી, કલ્પેશ ભટ્ટ, અમૃત પટેલ, પ્રા. સંજય મકવાણા, માયા ચૌહાણ તથા અન્ય અનેક ભાવકો ઉપસ્થિત રહીને વિસરાતી જતી આ વાર્તાકલાને માણી હતી. દર મહિને યોજાતા આ વાર્તાયન પર્વ સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સંસ્કૃતિ સંસ્થા દ્વારા

## ગુજરાતી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો





ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે વિશ્વ સંગીત દિન નિમિત્તે ગાંધીનગર ટાઉનહૉલમાં ગુજરાતી ચલચિત્રોનાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કલ્યાણી કોઠાળકર, નિરજ પાઠક, અમિષ પ્રજાપતિ, અશિતા પ્રજાપતિ દ્વારા રજૂ થયેલાં ગીતો પ્રેક્ષકોએ મન ભરીને માણ્યાં હતાં. પંકજ પાઠક અને શૈલેષ ઠાકરના વાદ્યસંગીતના તાલે અને તુષાર જોષીના સંચાલને કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

## નવાપરા બોરીજ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો


ગાંધીનગર, તા. ૨૫
નવાપરા બોરીજ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

એસએમસી અધ્યક્ષ સુરસિંગજી ઠાકોર, ગાંધીનગરનાં નગરસેવક લલિતાબેન વાઘાજી ઠાકોર અને પૂર્વ અધ્યક્ષ વાઘાજી ઠાકોરના હસ્તે બાળકોને દાતાઓ તરફથી મળેલી અભ્યાસ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય અમૃતલાલ દવે તથા રશ્મિતાબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

### 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સુખની ચાવી : સહિષ્ણુતા' વિષયે પ્રવચન યોજાયું

## જો સુખી થવું હોય તો સહિષ્ણુતા શીખવી પડશે



ગાંધીનગર, તા. ૨૫
તાજેતરમાં દર્શન-તત્ત્વજ્ઞાન વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સુખની ચાવી : સહિષ્ણુતા' ૮૪માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરિષ્ઠ અધ્યાપક તથા આંતરરાષ્ટ્રીય વક્તા, સંત તાલીમ કેન્દ્ર, સારંગપુરના પૂ. બ્રહ્મદર્શનદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૨૦૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'સુખની ચાવી સહિષ્ણુતા' વિષય પર પ્રકાશ પાડતાં પૂ. બ્રહ્મદર્શનદાસ સ્વામીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, જેટલી સહનશીલતા એટલી શાંતિ. પ્રમુખસ્વામી મહારાજ કહેતા 'જેટલું સહન કરશો તેટલું સુખ. સહન નહી કરો તો દુઃખ.' યોગીજી મહારાજ કહેતા 'સહન કરશો તો આનંદના ફુવારા છૂટશે.' સહિષ્ણુતા શાંતિનો રાજમાર્ગ છે. ઠંડી પડે તો ઠંડી સહન કરવી ગરમી પડે તો ગરમી સહન કરવી. બોલબોલ ના કરવું. બધું જ સહન કરવું. નિષ્ફળતા પણ સહન કરવાની. દીકરા-દીકરીને શીખવવું કે સહન કરતા શીખો. જે કઈ દુઃખો આવે તે તમારે સહન કરવા. સમજણ પૂર્વક સહન કરવું. ક્યાં સુધી સહન કરવું? તો જીવનના છેલ્લા શ્વાસ સુધી સહન કરવું. સહન શક્તિનો કોઈ ૩-૪ વર્ષનો કોર્સ નથી, તે તો છેલ્લા શ્વાસ સુધીનો કોર્સ છે.

કુટુંબમાં સંપ, શાંતિ, સ્થિરતા મેળવવી હોય તો સહન કરતા શીખો. કુટુંબમાં સંપ, સુહૃદભાવ અને એકતા માટે સહન કરવું રહ્યું. શા માટે સહન કરવું? મારે એકલાને સહન કરવાનું? એમાં કોઈનો વાદ ન લેવાય, પોતાને સુખી થવું હોય તો સહન કરવું પડે. વાંક ન હોય તો પણ સહન કરવાનું? હા, રામે એક પણ પ્રશ્ન કૈકયીને પુછ્યો નથી કે મારો શુ વાંક છે ? હું સહન કરી શકતો નથી. પણ એવું નથી. આપણે પ્રયત્ન નથી કરતા. માણસ જન્મે ત્યારે કંઈ શીખીને આવતો નથી. શીખો તો આવડી જાય એવી રીતે સહનશીલતાનો ગુણ શીખી શકાય છે. કેળવી શકાય છે. વિશ્વાસ રાખો. જેમ આપણે બિઝનેસ કરવા માટે ઘણું બધું નવું શીખીએ છીએ. તેમ સુખી થવું હોય તો સહિષ્ણુતા શીખવી પડશે.

સમાજમાં જે કંઇ ઘટનાઓ બને છે. તેનું પોસ્ટમોર્ટમ કરો તો જણાશે કે તેમાં સહિષ્ણુતાનો અભાવ જણાય છે. સહિષ્ણુતાને લીધે જ લાભ થયો છે. તેનો વિચાર કરશો તો જણાઈ આવશે કે તે ગુણ કેળવવા જેવો છે. તેની આવશ્યકતા સમજવી પડશે. ભગવાનને રાજી કરવા સારું સહિષ્ણુતાનો ગુણ કેળવવો છે તેમ એક ઉપાય માનવો. મહંત સ્વામી મહારાજ વારંવાર કહે છે કે સંપ, સુહૃદભાવ અને એકતા રાખો. સૌને રાજી કરો. ડૉક્ટર આપણું કોઈ ઓપરેશન કરે તો તેનો હેતુ સુખી કરવાનો હોય છે.

કર્તાપણાનો વિચાર કરવાથી શાંતિ-શાંતિ થાય છે. આત્મપણાનો વિચાર કરવો. આત્મરૂપ માનો. દેહભાવ હશે તો દુનિયાભરમાં જ્યાં જશો ત્યાં પણ દુઃખ જ છે. આપણે ગુણાતીત વંશના છીએ એમ ગૌરવ રાખવું. પ્રવચનને અંતે પૂ. બ્રહ્મદર્શનદાસ સ્વામીએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ સંતોષકારક રીતે આપ્યા હતા.

પ્રવચનના અંતમાં આર્ષ શોધ સંસ્થાનના નિયામકશ્રી સ્વામી શ્રુતિપ્રકાશદાસજીએ આગામી ૮૫મી પ્રવચનમાળાના 'શાસ્ત્ર' વિષયમાં 'નિષ્કુળાનંદ કાવ્ય-૪, મનગંજન'ની રૂપરેખા આપી હતી.

# બે હાથ પહોળા કરી વરસતા વરસાદમાં પલળીને મોટેથી હસી તો જુઓ, મજ્જા પડશે...

સતત દિવસો અને મહિનાઓ સુધી કાળઝાળ ગરમીમાં અવનીની તડપન સાથે ધગધગતી ધરાએ જાણે અંબર સાથે રીતસર કીટ્ટા કરી રીસામણા આદર્યા હોય એમ લાગે. 'જા, તારી સાથે નહીં જ બોલું' એમ આકાશને કહીને અબોલા કર્યા હોય અને અચાનક ધરતી એનું મૌન છોડી અંબરને જ્યારે પૂછે કે, 'શા હાલ છે તારા...? મઝામાં છે ને..?' બસ... એ જ ઘડીની વાર હતી. આકાશની આંખો ભીની ધઈ જાય અને મનમૂકીને વરસી પડે અનરાધાર.

આકાશ અને ધરતીની પ્રેમ કહાનીનો સૌથી મોટો કોઈ પ્રેમસેતુ હોય તો તે વરસાદ છે. અંબર એનો માતબર પ્રેમ વરસાદના ટીપે ટીપામાં ભરી ભરીને ધરા ઉપર પ્રેમાળ સંદેશ મોકલે. ધરા પણ આકાશના અહલાદને હરિયાળા સ્મીતથી સજી ધજીને આવકારે. આકાશના વાદળની ઉત્કંઠા અને ધરતીની ઉર્મીઓનું ક્યારેય મિલન શક્ય નથી. એટલે જ એની ઉર્મીઓના વાહક બનતું એક માત્ર અદભુત પ્રતીક એટલે વરસાદ.

વરસાદની કોઈની સાથે ક્યારેય કોઈ સ્પર્ધા હોતી નથી. વર્ષા તો પોતે જ પોતાની આગવી શૈલીમાં દોડે છે. ભૂલેચૂકે પણ જો વરસાદને કોઈ એની ઈચ્છા પૂછે, તો કદાચ ફટાક દઈને એ જવાબ આપી દે કે, 'કોઈ કરતાં સારા થવાની કે કોઈનાથી આગળ નીકળવાની મારી ઈચ્છા છે જ નહીં. મારી ઈચ્છા તો પહેલાં કરતાં વધુ બહેતર અને બેસુમાર વહાલ વરસાવવાની છે. ' વર્ષાની ચાલ ભભકાદાર અને મહેકદાર હોય છે. એના આગમન પહેલા વાયરો આમતેમ દોડા દોડ કરે છે. વીજળી બ્યુગલ વગાડી છડી પોકારે છે. ધરતી વ્હાલથી એને આગોશમાં લેવા બેતાબ હોય છે. એટલે જ તો વર્ષા 'રાણી' કહેવાય છે.

ધરતી સાથે આકાશના સંવાદથી મૌસમ એટલે વરસાદની મોસમ. મેઘધનુષી રંગો ભર્યું આકાશ અને હરીયાળી ખુશી વેરતી ધરાના પ્રણય નૃત્યમાં મનગમતા સાથીના સાથની બે પળ મળે તો એને કહેવાય જિંદગી. જેમ આગ અને તાપણીમાં ફરક છે, એમ વરસાદમાં પલળી જવું અને ભિંજાઈ જવામાં ફરક છે. સમયને પૂરે પૂરો માણવા સમયને ખોળે માથું મૂકી દેવું પડે. વરસાદ તો પ્રેમ અને ઉર્મીઓનો લખલૂટ ખજાનો છે. એ કોઈ સામાજિક બંધનોની આંટીઘુંટીમાં પરોવાયેલો વ્યવહાર નથી કે આટલા લીટર વરસ્યો એટલે એટલા પ્રમાણમાં મોજ અને આનંદ !



વરસાદ એટલે બાળપણને આમંત્રણ. આપણે અનનેસેસરીલી એવા મોટા થઈ ગયા છીએ કે, આપણે એ પણ ભૂલી ગયા છીએ કે, વર્ષો પહેલા બાળપણમાં વરસાદના પાણીમાં આપણા જહાજો ચાલતા. ક્યારેક ઘરના છાના ખૂણે એકલા અમસ્તા અમસ્તા બારીમાંથી વરસતા વરસાદને જોતા જોતા હોઠને મલકાવી તો જો જો. મન અને હૃદય ઉપર પરાણે રાખેલો મોટપનો જાડો ખદ્દડ પડદો હટાવીને બે હાથ પહોળા કરી વરસતા વરસાદમાં પલળીને વગર કારણે મોટે મોટેથી હસી તો જો જો. જીવનની આવી મસ્ત મૌલા જેવી ક્ષણો રૂમઝૂમ ઝાંઝરના ઝણકાર સાથે બારસાખે ઊભી હોય ત્યારે એને ભરપૂર માણી લેજો. કેટલાક લોકોને આનંદની અદભુત મૌલાતના માલિક બનતા જ નથી ફાવતુ... સોરી નથી આવડતું. હજુ ગઈકાલ સુધી ગરમીથી ત્રસ્ત હતા. પાણી પાણી કરતા હતા. આજે વરસાદ વરસતા વરસાદની તકલીફોની ફરિયાદની વણઝાર વર્ણવા લાગે છે. આવા લોકો કોઈપણ વ્યક્તિ, ઘટના કે વાતનો આનંદપૂર્વક સ્વીકાર ના કરી શકવાના કારણે હંમેશા ત્રસ્ત રહે છે. આવા લોકો વ્યગ્રતાના વમળમાં ચકરાવે ચઢેલા જ રહે છે. એમનુ પાછુ એવુ પણ ખરું વરસાદનો ક્યારેય આનંદ નહીં, ના આવે તો વરસાદ નિષ્ઠુર અને બહુ વહાલથી અનરાધાર વરસે તો ખુબ ચોંટ્યો ચારે બાજુ પાણી પાણી થઈ ગયું જતો જ નથી... જીવનની મઝાની ક્ષણોને મુઠ્ઠીમાં બાંધી ન શકાય. મઝાની પળને તો વરસાદની માફક મનભરીને માણવાની હોય.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

વરસતા વરસાદમાં કંઈકના દિલ ખીલી ઊઠે, મન મોર બનીને થનગનાટ કરવા માંડે. વરસાદ કોઈકના દિલમાં ફડકારો પણ પેસાડી દે કે, આજે ખાટલો ક્યાં ઢાળશે ? અને ઉંઘશે શી રીતે ? પણ એટિટ્યૂડ તો એવો હોવો જોઈએ કે, ભારે વરસાદને મુશ્કેલીઓથી બચવા ઝરમર વરસાદની પ્રાર્થના કરવા કરતા ધોધમાર વરસાદમાં સરસ રેઈનકોટ અને મોટા ઘેરાવાવાળી મજબૂત છત્રી માટે પ્રાર્થના કરવી જોઈએ.

સોશિયલ મીડિયાના મંજાયેલા કવિઓ તે વાદળો ગોરંભાવાનું શરૂ થાય અને પહેલો વરસાદ પડતાવેંત જ વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટા વગેરે ઉપર કિલ્લોલથી કિકિયારીઓ પાડવા લાગે છે. વરસાદની સીઝન એવી છે કે એના માટે દરેક ભાષામાં કવિઓએ અઢળક વહાલ વરસાવ્યું છે.

વરસાદ ઉપર ખૂબ સુંદર મઝાની રચનાઓનો ખજાનો આપોઆપ હદયના કમાડ ખોલી રેલાવા માંડે છે. "આવરે વરસાદ, ઢેબરીયો વરસાદ, ઊની ઊની રોટલી અને કારેલાનું શાક... અને કવિ વિવેક મનહર ટેલરે રચેલું 'બાળપણમાં વરસાદની મોજ દફતર નાખી ભરાયેલાં પાણીમાં ધુબાકા, ચાલને ભેરું, વરસાદની મૌસમ છે ધરતી સાથે વરસાદના સંવાદની મોસમ છે...' જેવા બાળગીતો બાળપણમાં લલકારી પાણીમાં છબછબીયા નથી કર્યા તો એને બાળપણ શું કહેવાય અને એની મસ્તીનો ખ્યાલ જ નથી.

હરિન્દ્રભાઈ દવે વરસાદની ઉર્મીઓને કંઇક આ રીતે ઢાળે છે. 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મૌસમનો પહેલો વરસાદ ઝીલ્યો રાજ, એક તરણુ ખીલ્યું 'ને તમે યાદ આવ્યાં..." ભગવતીકુમાર શર્માની રચનામાં વરસાદની સોડમ કઈક ઓર જ છે , 'હવે પહેલો વરસાદ, બીજો વરસાદ અને ત્રીજો વરસાદ એવું કાંઈ નહીં, હવે માટીની ગંધ અને ભીનો સંબંધ મઘમઘતો સાથ, એવું કાંઈ નહીં...' કવિ હર્ષ બ્રહ્મભટ્ટ વર્ષાની મહેકને, 'આભમાં જ્યાં વાદળો ઘેરાય છે, માટીને મન ફુટ ફુટ થાય છે, મહેંક વરસાદી લઈને આ પવન લોહીમાં સીધો પ્રવેશી જાય છે...' કહીની પોંખે છે. તો વરસાદની આગવી છડી પોકારતા કવિ નીતિન વડગામા મઝાની રચનામાં કહે છે કે, 'ભીના પવરણે આવ્યો અવસર, મેઘ-મુબારક, ભિંજવતો એ બાહર-ભીતર, મેઘ-મુબારક, છાંટો પડતા એક સામટાં મ્હોરી ઊઠ્યાં, ડેલી, આંગણ ને આખું ઘર મુબારક...'

કવિ મુકેશ જોષીએ વરસાદના ઓવારણા એમ કહીને લીધા કે, 'લીલાછમ પાંદડાએ મલકતા મલકતા, માંડેલી અચરજની વાટ, ધરતીને સીમમાં જોઈ એકલી, ને એને બાઝી પડ્યો વરસાદ...' રમેશ પારેખની ઓલ ટાઈમ હીટ રઈન લાઈન, 'અહીં આપણ બે અને વરસાદ ભીંજવે, મને ભીંજવે તું, તને ભીંજવે વરસાદ...' યાદ આવ્યા વગર કેમ રહે ? 'આંખોમાં બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું ક્યાંક આસપાસ છે, ગાલો પર લજ્જાની લાલી ફૂટવાનું કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે...' શબ્દો સાથે કવિ તુષાર શુકલ વરસાદને આવકાર આપે છે.

પાંખો પ્રસરાવી મજ્જાથી તાતા થૈયા કરતા મોરલાઓ જુઓ... કેટલો આનંદ છે એના રોમેરોમમા ! પાંખો ફેલાવી સફેદ ચાદર પાથરી વરસાદના પ્રત્યેક ટીપાને ઝીલવા તૈયાર બગલાઓની પંગતને જુઓ... કેટલો ઉત્સાહ છે એની આંખોમાં ! વરસાદરૂપી નવાગંતુકને પોંખવા સાગરમાં ઘેલી થઈને દોડા દોડી કરતી માછલીઓ અને રાતના ખુશનુમા વાતાવરણમાં ટમટમતા દિવડા સમાન આગીયા સહિત પ્રકૃતિના કણ કણમાં નવચેતનાનો સંચાર વર્ષારાણીની સવારીને બાઅદબ આવકાર આપે છે. વરસાદની મૌસમમાં હૃદયના કોઈ છાના ખૂણે ઉછરી રહેલી ઊર્મીઓને ખુલ્લા આકાશમાં મુક્ત મને ફરફરાવવાનો અવસર કહેવાય. આ અવસર પ્રતિ વર્ષ આવે. ઉંમર, કમર કે આજુ, બાજુ વિચારવા કરતા ધુબાકા મારીને એને માણી લેવો પડે. શ્રાવણ-ભાદરવામાં પાણીમાં ગુલઝાર સાહેબનું 'છઈ છપાક છઈ' ગાઈને ઝુમી લેવુ પડે.

**ધબકાર**

હળવેથી ઘરડા થવું એટલે, વરસાદની મૌસમમાં પ્રિય પાત્ર સાથે ભિંજાવાના બદલે ભજીયા યાદ આવે એ.